ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

તારીખ : ૩૧/૦૭/૨૦૨૧

પ્રતિ,
અધ્યક્ષશ્રી / વિભાગીય અધ્યક્ષશ્રી/ સંયોજકશ્રી / અધિકારીશ્રી/ અધ્યાપકશ્રી, ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક ભવનો અને વહીવટી કચેરીઓ તરફ અમદાવાદ.

વિષય :- આઝાદીના અમૃત મહોત્સવ ઇન્ડિયા @ ૭૫ વર્ષની ઉજવણી સંદર્ભે 'અમૃત મહોત્સવ પખવાડિયું'ની ઉજવણી તારીખ ૦૧/૦૮/૨૦૨૧ થી તારીખ ૧૫/૦૮/૨૦૨૧ સુધી વૈવિધ્યસભર કાર્યક્રમોની ઉજવણીમાં સહભાગી થવા બાબત

માનનીયશ્રી,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે સવિનય જણાવવાનું કે સ્વતંત્ર ભારતના ૭૫માં વર્ષની ઉજવણીનો પ્રારંભ માનનીય વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતિમાં તારીખ ૧૨ મી માર્ચ ૨૦૨૧ ગાંધી આશ્રમથી થયેલ હતો અને આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્દબોધનમાં શૈક્ષણિક સંસ્થાઓ આઝાદીની ગૌરવગાથાને વર્ણવતા વિવિધ કાર્યક્રમો કરે એવું સૂચન કર્યું હતું અને યુજીસીએ પણ આ અંગે પરિપત્ર કર્યો હતો. આમ, સ્વભાવિક જ સ્વતંત્ર ભારતના નાગરિક તરીકે જ્યારે ૭૫ મા વર્ષની ઉજવણીનો પ્રારંભ થઈ રહ્યો છે એમાં સહભાગી થવું એ આપણા સૌની નૈતિક ફરજ છે. ગુજરાત યુનિવર્સિટીએ પણ આ દિશામાં વૈવિધ્યસભર કાર્યક્રમો આયોજિત કર્યા છે, જેમાં ગ્રંથ પ્રદર્શનોથી માંડીને લોન્ગેસ્ટ વર્ચ્યુઅલ એક્ઝીબીશન ઓન ફ્રીડમ ફાઇટર્સ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયની વેબસાઇટ અને ફેસબુકના માધ્યમથી આયોજિત કરેલ છે, જે તારીખ ૧ જૂન ૨૦૨૧ થી તારીખ ૧૫/૦૮/૨૦૨૧ દરમિયાન રહેશે.

આ સાથે ગુજરાત યુનિવર્સિટી આઝાદીના અમૃત મહોત્સવ ઇન્ડિયા@ ૭૫ વર્ષની ઉજવણી સંદર્ભે મા.કુલપતિશ્રી અને મા.ઉપકુલપતિશ્રીના માર્ગદર્શન નીચે સમિતિની એક બેઠક તારીખ ૨૮/૦૭/૨૦૨૧ ના રોજ સિન્ડીકેટ રૂમ ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ હતી જેમાં નીચે જણાવેલ આઝાદીની ગૌરવગાથાને રજૂ કરતા વૈવિધ્યસભર કાર્યક્રમો આયોજિત કરી 'અમૃત મહોત્સવ પખવાડિયું' ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે, એ અંતર્ગત નીચે મુજબના કાર્યક્રમો તારીખ ૦૧/૦૮/૨૦૨૧ થી તારીખ ૧૫/૦૮/૨૦૨૧ સુધી યોજાનાર છે.

આઝાદીના પર્વની ઉજવણીમાં આયોજિત આ સમગ્ર કાર્યક્રમમાં વિભાગના અધ્યાપકો ,વહીવટીય સ્ટાફ અને સવિશેષ યુવા સંશોધકો અને વિદ્યાર્થીઓ, એન.એસ.એસ.અને એન.સી.સી.ના તમામ વિદ્યાર્થીઓ ઉપરોક્ત કાર્યક્રમોમાં અચૂક જોડાય એવી અપેક્ષા સહ વિનંતિ છે.

'અમૃત મહોત્સવ પખવાડિયા'ની ઉજ્વણીના કાર્યક્રમોની રૂપરેખા નીચે મુજબ છે.

(૧) તારીખ ૦૧/૦૮/૨૦૨૧ રવિવાર:- લોકમાન્ય તિલકની પુણ્યતિથિ નિમિત્તે તેમના જીવન અને કવન પર પ્રકાશિત ગ્રંથો અને સાહિત્યના પ્રદર્શન અને વર્ચ્યુઅલ પ્રદર્શનથી શુભારંભ

(૨) તારીખ ૦૨/૦૮/૨૦૨૧ આઝાદીના ગૌરવપાત્રો:- વક્તા પદ્મશ્રી ડૉ. વિષ્ણુ પંડ્યા

(૩) ૦૫/૦૮/૨૦૨૧:- ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે ૭૫ વૃક્ષનું રોપણ- અમૃતવન

(૪) ૦૬/૦૮/૨૦૨૧:- યુવાશક્તિ દિવસ નિમિત્તે રોજગારપત્રો એનાયત કાર્યક્રમ

(૫) ૦૭/૦૮/૨૦૨૧:- વકતૃત્વ, ચિત્ર અને નિબંધ સ્પર્ધાનું આયોજન

**A.** વકતૃત્વ સ્પર્ધાનો વિષય -
**'હું મારા દેશને ચાહું છું' (યુનિવર્સિટી પરિસરના અનુસ્નાતક ભવનોના યુજી/પીજી વિધાર્થીઓ અને સંશોધકો માટે)**

**B. ચિત્રસ્પર્ધાના વિષયો:-** ગાંધીજી, સરદાર વલ્લભભાઇ પટેલ, ડો. બાબાસાહેબ આંબેડકર, ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, મંગલ પાંડે, શ્યામજી કૃષ્ણ વર્મા, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, વીર સાવરકર, મેડમ કામા, ક. મા. મુનશી, ઝવેરચંદ મેઘાણી, દયાનંદ સરસ્વતી, મહર્ષિ અરવિંદ, સ્વામી વિવેકાનંદ, સરદારસિંહ રાણા

**C.** નિબંધ સ્પર્ધાના વિષયો :- 'મારો દેશ મારું ગૌરવ', 'જરા યાદ કરો કુરબાની', 'એક ભારત શ્રેષ્ઠ ભારત'

નોંધ :- ઉપરોક્ત સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થનારને અનુક્રમે રૂ. ૨૫૦૦, ૧૫૦૦, ૧૦૦૦ રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપવામાં આવશે.

(૬) ૦૯/૦૮/૨૦૨૧:- એન.એસ.એસ.ના વિધાર્થીઓની 'યુવા શક્તિ માર્ચ'.
યુવા શક્તિ માર્ચનો રૂટ:- રવિશંકર આર્ટ ગેલેરી લૉ ગાર્ડનથી શહીદ કિનારીવાલા સ્મારક સુધી.

(૭) ૧૦/૦૮/૨૦૨૧:- સ્વચ્છતા દિવસ અને રંગોળી સ્પર્ધા.

રંગોળી સ્પર્ધાના વિષયો:- (૧)રાષ્ટ્ર ધ્વજ (૨)લાલ કિલ્લો (૩)ભારતમાતા (૪)ગાંધીજી (૫)સરદાર વલ્લભભાઈ પટેલ

(રંગોળી સ્પર્ધામાં યુનિવર્સિટી ના અનુસ્નાતક ભવનના વિધાર્થીઓ અને જુદા જુદા વહીવટી વિભાગોના કર્મચારીશ્રીઓ ભાગ લઈ શકશે)

નોંધ :-પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતાને અનુક્રમે રૂ. ૨૫૦૦, ૧૫૦૦, ૧૦૦૦ રોક્ડ પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત થશે.

(૯) ૧૧/૦૮/૨૦૨૧:- વ્યાખ્યાન: "હો જાવો તૈયાર', વક્તાશ્રી - નંદક પંડયા

(૧૦) ૧૨/૦૮/૨૦૨૧:- 'આઝાદીના ગૌરવગીતોનું ગાન'
સ્થળ:- સેનેટ હોલ, સમય- બપોરે ૩.૦૦ ક્લાકે

**(વિદ્યાર્થીઓ, સંશોધકો સાથે અનુસ્નાતક ભવનો અને યુનિવર્સિટીના જુદા જુદા વહીવટી વિભાગોના કર્મચારીશ્રીઓ પણ ભાગ લઇ શકશે)**

નોંધ :- પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતાને અનુક્રમે રૂ. ૨૫૦૦, ૧૫૦૦, ૧૦૦૦ રોક્ડ પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત થશે.

(૧૧) ૧૩/૦૮/૨૦૨૧:- એન.સી.સી. વિદ્યાર્થીઓની રાષ્ટ્રભાવના ફ્લેગ માર્ચ

**સ્થળ:** મહાત્મા ગાંધી પ્રવેશદ્વારથી ગુજરાત યુનિવર્સિટી પરિસરમાં ભ્રમણ કરી સરદાર વલ્લભભાઈ પટેલ કેન્દ્ર, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે સ્કાઉટ બેન્ડ સાથે સમાપન.

(૧૨) ૧૫/૦૮/૨૦૨૧:- સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સાથે વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, આઝાદીના ગૌરવ ગીતોનું ગાન સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતાને અનુક્રમે રૂ. ૨૫૦૦, ૧૫૦૦, ૧૦૦૦ રોક્ડ પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત થશે.

**નિયમો:-**

(૧) પખવાડિયા અંતર્ગત આવતી વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, આઝાદીના ગૌરવ ગીતોનું ગાન વગેરે સ્પર્ધા અંતર્ગત સ્પર્ધક કોઈપણ ભાષામાં પોતાની કૃતિઓ રજૂ કરી શકશે.

(૨) નિર્ણાયકો ગુજરાત યુનિવર્સિટી દ્વારા નિમવામાં આવશે. જે સમગ્ર સ્પર્ધાનું મોનીટરીંગ અને વિજેતા અંગે નિર્ણય કરશે.

કુલસચિવશ્રી
ગુજરાત યુનવર્સિટી